

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મિટીંગમાં કહીએ એમ પૂંછડી પટપટાવો!*
*ગમે ને ગમે હસતી રાખો આંખો, મટમટાવો!*
*રટાવો હાજીહા ને વટાવો સંબંધો અટપટા -*
*જો હા'ની ના થઈ તો, પ્રભુનાં દ્વાર ખટખટાવો...*
*(કારોબારી મિટીંગ)*

હાઈકુ

*સાપ ને ઘેર*
*થયા પરોણા સાપ,*
*ને ચાટી જીભ!*
*(નીતિશ-મોદી, પ્રશંસા)*

*દંભ-દેખાડે,*
*નગર ઝળાંહળાં -*
*છે દીવા નીચે...*
*(લીંપણ)*

### ચિંતન

**લગા રહૈ સત જ્ઞાન સો, સબહી બંધન તોડ,**
**કહૈ કબીર વા દાસ સો, કાલ રહૈ હથ જોડ.**

સાધકમાં તિતિક્ષાનો ગુણ જરૂરી છે. સાતત્યપૂર્ણ વૈરાગ્ય દૃઢ નિશ્ચય અને શિસ્તથી શક્ય બને છે. જીવનમાં અનેક આકર્ષણો છે, ઈચ્છાઓ છે, મનોરથ છે. તેના કારણે સાંસારિક સંબંધોની જાળ રચાય છે. કબીરજી કહે છે કે, આ સઘળાં બંધનો તોળવાં જરૂરી છે. ભક્તિમાર્ગમાં ત્યાગ, સેવા, પ્રેમ અને સદ્‌ગુણો પાયારૂપ છે. આજના ભૌતિકવાદના યુગમાં કયારેક આવો ઉપદેશ વ્યવહારૂ ન લાગે પરંતુ એ હકીકત છે કે જીવન ક્ષણભંગુર છે. તેનો હેતુ ભોગ-વિલાસ નહીં પણ પ્રભુએ જે બુદ્ધિ આપી છે તેના દ્વારા પરમાત્માની ઓળખ કરવાની છે. આજની ભોગવૃત્તિનો ભક્તિમાર્ગમાં નિષેધ છે. જે વ્યક્તિ આત્માનું અમરત્વ પિછાણે છે તે કાલાતિત છે. સ્વયં કાળ તેની સામે હાથ જોડી તેને નમન કરે છે.

સંસારિક સંબંધો - મોહ-માયા-મમતા-બધામાં તાટસ્થ્યપૂર્ણ વિવેક રાખી નિર્લેપ રહેવાથી આસક્તિથી મુક્તિ મળે છે આવા મુક્ત-મુમુક્ષુને 'કાળ' પણ વંદન કરે છે.

### સુવિચાર

- 'લગ્ન' નામર્દ કરી શકે એવું એક માત્ર સાહસ છે - **વોલ્તેર**
- ઈર્ષા એટલે લઘુતાગ્રંથિનો પ્રવેશ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- પગલું ભરતાં પહેલાં જે પૂરો વિચાર કરે છે એને આખી જિંદગી એક જ પગે ઊભાં રહેવું પડે છે - **ચીની કહેવત**
- અજ્ઞાની માણસ જે સમજી શકતો નથી તેની પૂજા કરે છે - **સંત રોબિન**
- સારી સ્ત્રી શું કરે છે એ પરથી ઓળખાય છે અને સારો માણસ શું નથી કરતો એ પરથી ઓળખાય છે - **સંત ફ્રાન્સીસ**
- કોઈ મારી સચ્ચાઈ પર શંકા લાવે તો હું માત્ર એટલું જ કહીશ કે એના આત્મવિશ્વાસના અભાવની મને દયા આવે છે - **વર્ગીસ કુરિયન**
- તમારી જાત વિશે વાત ન કરશો, તમારા મૃત્યુ પછી લોકો એ કરવાના જ છે - **એડિસન**
- આજનું ઔષધ : સરગવાના ફુલ ચાવીન ખાવાથી આંખોનું તેજ વધે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સત્યનારાયણની કથામાં એક અધ્યાયમાં વણિક અને જમાઈ કમાઈને ઘરે આવતા હોય છે. વહાણમાં ધન-સમૃદ્ધિ હતી.

ભગવાન લક્ષ્મીનારાયણ તેની કસોટી કરવા આવ્યા પૂછ્યું - વહાણમાં શું છે ? સાધુ વાણિયો કહે 'લત્તા-પત્ર' - અને એ જ ક્ષણે બધી સંપત્તિ 'લત્તા-પત્ર' થઈ ગઈ - આજે ૫૦૦-૧૦૦૦ ની નોટની જેમ! અભિમાન - કોઈનું ટકતું નથી. ભગવાન સ્વામી નારાયણને (સહજાનંદજી) અમદાવાદના પેશ્વા સાથે વિવાદ થયો. કાન ભંભેરણી કારણે 'કાસળ' કાઢવા કપટ કર્યું. દરબારમાં ઊંચી બેઠક બનાવી જેમાં બેસતાં જ સ્વામી ઊંડી ખાડમાં ગરકાવ થઈ જાય. પરંતુ વિવેકી સ્વામીએ કહ્યું, રાજ આસનથી ઊંચે મારાથી બેસાય નહીં - ન બેઠા. પણ લાકડી મૂકતાં જ એ અંદર ગરકાવ થઈ ગઈ.

પેશ્વાએ ભોંઠપ અનુભવી અને સ્વામીજી એ મરકતાં મરકતાં પૂછ્યું કયાં સુધી મારે રાજયમાં ન આવવું? પેશ્વાએ કહ્યું, 'મારું રાજય ચાલે ત્યાં સુધી' સ્વામી ડભાણ ચાલ્યા ગયા.

બીજે જ મહિને અમદાવાદમાં બ્રિટીશ શાસન આવી ગયું અને પેશ્વા સામાન્ય જાગીરદાર થઈ ગયા.

# નવા વર્ષે - નવા સમીકરણ

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારનું ગુરુ ગોવિંદસિંહના ૩૫૦મા પ્રકાશપર્વ નિમિત્તે પટણા ખાતે થયેલું મિલન રાજકીય વર્તુળોમાં ભારે કુતૂહલ અને શંકા-કુશંકા સાથે જોવાઈ રહ્યું છે. સર્વવિદિત છે કે આ બેઉ મહારથીઓ છેલ્લા ઘણા વખતથી એકમેકના પ્રતિસ્પર્ધી ગણાતા રહ્યા છે. નરેન્દ્ર મોદીને એનડીએ દ્વારા વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરાતાંની સાથે નીતીશકુમારે એનડીએ સાથે છેડો ફાડી નાખ્યો હતો અને તે પછીના ઘટનાક્રમમાં ભાગ્યે જ કોઈ એવો જાહેર પ્રસંગ ગયો હશો જેમાં આ બે નેતાઓ એકમેકને સ્વીકૃતિ આપતા જણાતા હોય. બિહારની વિધાનસભાની ચૂંટણી વેળાએ નીતીશકુમારને ભોંયભેગા કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની પાર્ટીને આકાશપાતાળ એક કર્યા હતા, પરંતુ ચતુર સુજાણ બિહારી નેતાએ વડાપ્રધાને કરેલ અંગત કટાક્ષ કે એમના ડીએનએમાં જ કંઈક ખરાબી છે - એ મુદ્દે આખું બિહાર ઊંચુંનીચું કરી દઈ એ કોમેન્ટને બિહારીઓનું અપમાન ગણાવ્યું હતું. એથી પહેલાં જયારે મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા અને બિહારમાં આવેલ રેલસંકટમાં રાજય તરફથી આર્થિક મદદ મોકલાવી હતી ત્યારે નીતીશકુમારે એનો ધરાર અસ્વીકાર કરી એમના સ્વાભિમાનનો અને બિહારની અસ્મિતાન પરચો બતાવી દીધો હતો. વિધાનસભાની ચૂંટણીમાં બિહારમાં પોતાના કટ્ટર વિરોધી લાલુ યાદવ સાથે ગઠબંધન રચીને નીતીશકુમારે મોદીવેવને સફળતાપૂર્વક ખાળી બતાવ્યું હતું અને સત્તા કબજે કરી હતી. મને - કમને એમને લાલુ યાદવના બેઉ પુત્રોને મંત્રીમંડળમાં સમાવેશ કરવો પડ્યો હતો, બલકે એક પુત્રને તો ઉપમુખ્યમંત્રી અને ગૃહમંત્રી બનાવવા પડ્યા હતા. એ જ નીતીશકુમારે નોટબંધીના ક્રાંતિકારી પગલાને સમર્થન આપી લાલુ-મમતા અને માયાવતી કે કોંગ્રેસ જેવા વિપક્ષો કરતાં તદ્દન જુદું જ વલણ દાખવ્યું ત્યારથી આ બેઉ મહારથીઓ એકમેકની નજીક આવી રહ્યા હોય એવી કુતૂહલભરી સ્થિતિ પ્રવર્તી રહી હતી. પટના ખાતે પ્રકાશપર્વની ઉજવણી પ્રસંગે બેઉ નેતાઓ કેસરિયા સાફા પહેરીને આવ્યા અને ગઈ-ગુજરી ભૂલી ગયા હોય એમ એકબીજાની મન મૂકીને પ્રશંસા કરી, તે પછી આ ઘટનાનાં વિવિધ અર્થઘટનો શરૂ થઈ જાય તે સ્વાભાવિક છે. મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન - ગુજરાતમાં દારૂબંધીનો સફળતાપૂર્વક અમલ કરવા બદલ નીતીશ કુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી અને વળતા પગલા સ્વરૂપે વડાપ્રધાને પણ બિહારમાં દારૂબંધીનો અમલ કરાવવા બદલ નીતીશકુમારનાં ભરપેટ વખાણ કર્યા. આ વખતે નીતીશ કુમારને મુખ્યમંત્રીપદ હાંસલ કરવામાં મદદ કરનાર જૂના સાથી અને 'બડે ભાઈ' લાલુપ્રસાદ યાદવ શ્રોતાવૃંદની પહેલી પહોળમાં નીચે બેઠા હતા, તે પણ કેવો વિપર્યાસ! લાલુ યાદવે એમનો કોંગ્રેસ સાથેનો સંબંધ અકબંધ રાખ્યો છે અને મમતા બેનરજીની મોદી વિરોધી ઝુંબેશમાં જોડાઈ દેશભરમાં વિપક્ષી પરિબળોએ મોદી અને ભાજપ વિરુદ્ધ એક પ્લેટફોર્મ પર આવી જવું જોઈએ એવી હાકલ કરી છે ત્યારે નીતીશકુમાર મોદી સાથે મૈત્રીભાવ કેળવી રહ્યા છે, તે શું આગામી સમયમાં નવાં રાજકીય સમીકરણોનો અણસાર નથી? રાજકારણમાં કોઈ કાયમી મિત્ર નથી હોતું એમ કોઈ કાયમી શત્રુ પણ નથી હોતું - આ સૂત્ર ફરી એકવાર સાર્થક થતું વપરાય તો કોઈને નવાઈ ન લાગવી જોઈએ.

# ગાંધીનો વાદ નહીં કે વિવાદ પણ નહીં

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની



મહાત્મા ગાંધીને 'સવિનય કાયદાભંગનો ધર્મ' વિષેના નિબંધ દ્વારા દક્ષિણ આફ્રિકાની પ્રવૃત્તિને શાસ્ત્રીય સમર્થન મળ્યું હતું. 'ડ્યુટી ઑફ સિવિલ ડિસઓબિડિયન્સ'નો હેન્રી વિલિયમ થોરોના આ વિચારને કારણે ગાંધીએ તેમને પોતાના ગુરુ પણ ગણાવ્યા તો ગ્રેટ બ્રિટનના તેમના બીજા ગુરુ જહોન રસ્કિનના 'સર્વોદય' (અનટુ ધિસ લાસ્ટ) ગ્રંથ વાંચીને વાંચીને ગાંદી એક જ રાતમાં વકીલ અને નગરવાસીમાંથી, ડરબનથી દૂર અને નજીકમાં નજીકના રેલવે સ્ટેશનથી ત્રણ માઈલ છેટે આવેલા એક ખેતર પર વસતા ગામડિયામાં મારું રૂપાંતર થઈ ગયું એમ ખુદ ગાંધી 'સત્યના પ્રયોગો'માં લખે છે.

**'ગાંધીવાદ' જેવી કોઈ વસ્તુ છે જ નહીં, મારી પાછળ કંઈ સંપ્રદાય મૂકી જવો નથી : ગાંધીજી**

'સત્યના પ્રયોગો'માં તેઓ એમ લખે છે કે રશિયા પાસેથી મને મારા ત્રીજા ગુરુ ટોલ્યટોય મળ્યા. ટોલ્સટોય ગુરુએ અહિંસાને માટે બુદ્ધિને સંતોષી શકે એવો તર્ક શુદ્ધ પાયો ગાંધીજી માટે રચી આપ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં જયારે ગાંધીજીએ લડતનો પ્રારંભ કર્યો હતો અને લડતની શક્ય વિસ્તૃતતા અને સફળતાનો પણ કશો અંદાજ નહોતો ત્યારે ટોલ્સટોય ગાંધીજીને એક પત્રમાં આશીર્વાદ પાઠવ્યા હતા. આ પત્રમાં તેમને લડતના પ્રારંભિક તબક્કો હોવા છતાં પણ એવું ભવિષ્ય ગાંધી માટે ભાખ્યું હતું કે 'દુનિયાના કચડાયેલા લોકોને માટે આશાના સંદેશારૂપ નીવડવાને સરજાયેલી હિલચાલને તમે દોરી રહ્યા છો. આ ત્રણેય મહામાનવોને ગુરુ ગણાવતા ગાંધીજીએ એવી તાર્કિક વાત પણ કરી છે કે મારા કાર્યની વિચારણા વિલાયક કે પશ્ચિમના દેશો પ્રત્યેની દુશ્મનાવતની કોઈ ભાવનાથી પ્રેરાઈને મેં કરી નથી. સાથોસાથ તેમણે એવી દલીલ પણ કરી છે કે 'સર્વોદય'નો સંદેશો હૃદયમાં ઉતારીને અને પચાવીને નાઝીવાદ અથવા ફાસીવાદને અનુમોદન આપવાનો ગુનો હું કેમ કરું? વ્યક્તિને અને તેની સ્વતંત્રતાને કચડી નાખવાનો એ વાદોનો પંથ નથી શું? - એવો પ્રશ્ન તેઓ કરે છે.'

કોઈ પણ પ્રકારના વિવાદમાં કયારેક નહીં ઉતરનાર ગાંધી કોઈ 'વાદ' માં પણ કયારેય માનતા ન હતા. ખુદ તેમણે જે રીતે જીવનપંથ ઉજાળ્યો એ 'ગાંધીવાદ' સામે પણ તેમણે વિરોધ વ્યક્ત કર્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે : 'ગાંધીવાદ જેવી કોઈ વસ્તુ છે જ નહીં, અને મારી પાછળ કંઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કંઈ નવું સત્ય કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં માત્ર શાશ્વત સત્યો છે. તેને આપણાં રોજેરોજના જીવન અને પ્રશ્નોને લાગુ પાડવાનો મારી ઢભે પ્રયાસ કર્યો છે. એટલે મનુસ્મૃતિના જેવી સ્મૃતિ મૂકી જવાનો પ્રશ્ન મારી અને મારી વચ્ચે સરખામણી જ ન હોય. મેં જે અભિપ્રાયો બાંધ્યા છે અને જે નિર્ણયો પર હું આવ્યો છું એ છેવટના નથી. હું કાલે એ બદલું મારે દુનિયાને નવું કશું શીખવવાનું નથી. સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે. મેં મારાથી બન્યા એટલા વિશાળ પ્રમાણમાં એ બંનેના પ્રયોગો કર્યા છે. એમ કહેવામાં મેં કેટલીવાર ભૂલો કરી છે ને ભૂલોમાંથી હું શીખ્યો છું. એટલે જીવન અને એના પ્રશ્નોમાંથી મને સત્ય અને અહિંસાના આચરણના પ્રયોગો કરવાનો અવકાશ મળી ગયો છે.'

ગાંધીજી પોતાને અહિંસક કરતા સત્યવાદી સ્વભાવનો વધુ ગણાવતાં એક જૈન મુનિએ કહેલી વાત ટાંકે છે. જૈન મુનિએ ગાંધીજી વિષે એમ કહ્યું હતું કે સત્યને ખાતર અહિંસાને જતી કરવી પડે તો હું કરી શકું એવો છું. ગાંધીજીએ પણ જૈન મુનિ મહારાજની આ વાત સ્વીકારી હતી. તેમણે એવો એકરાર કર્યો છે કે 'વસ્તુતઃ સત્યની ઉપાસના કરતાં કરતાં જ મને અહિંસા લાધી છે. આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે સત્યથી ઊંચો ધર્મ એકે નથી. (સત્યાન્નાસ્તિ પર ધર્મઃ).

પોતાના વિચારોને બહુ મોટું નામ આપીને તેને 'ગાંધીવાદ'ને કહેશો એવી ટકોર કરે છે કે એમાં 'વાદ' જેવું કશું નથી. મેં કહેલાં સાદાં સત્યો પર જેમનો વિશ્વાસ હોય તેઓ તેમનો આચરણમાં ઉતારીને પ્રચાર કરી શકશે એના માટે મોટા સાહિત્યની કે પ્રચારની જરૂર નથી. કેટલાંકે લોકોએ રેંટિયાની હાંસી ઊડાવી હતી. એક ટીકાકારે તો એમ પણ કહેલું કે 'રેંટીયો લોકોને એવો અળખો થઈ પડશે કે એ રેંટીયાના લાકડાં ગાંધીજી મરશે ત્યારે ચિતાને માટે કામ આવશે. આવી ટીકા છતાં રેંટીયા પરની ગાંધીની શ્રદ્ધા ડગી ન હતી.'

ગાંધી કહે છે મારા રચનાત્મ કાર્યક્રમની જડ અહિંસામાં છે, એ હું જગતને પુસ્તક લખીને થોડો જ સમજાવી શકનાર હતો? મારું જીવન જ એ બતાવી શકે.

સંદર્ભ : 'સત્યના પ્રયોગો' પૃષ્ઠ : ૧૩૮ - ૧૩૯

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# વર્ષનો પહેલો દિવસ : ''પ્રગટાવ દીવો''

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી



૨૦૧૭ ના વર્ષને વધામણા કહેવાનો સમય છે. નૂતન વર્ષના પ્રારંભના સમયે કેટલાક વ્યક્તિવિશેષનું પાવન સ્મરણ થાય છે. આ લોકો એવા હતા કે જેમણે સહજ રીતે જીવનમાં ઊંચા ધોરણ બાંધ્યા. ત્યારબાદ સમગ્ર જીવન આવા ધોરણને સ્વૈચ્છિક રીતે જાળવીને જીવી ગયા. કટોકટીની ક્ષણે પણ તેમને નબળો કે હલકો વિચાર ન આવ્યો. આવા મહામના અને ઉદારચરિત લોકોને યાદ કરી કવિ ''મિસ્કીન'' કહે છે તેમ શ્રધ્ધા અને વિચારનો દીવો પ્રગટાવવાનો આ સમય છે.

વર્ષનો પહેલો દિવસ
પ્રગટાવ દીવો,
ઝળહળી ઉઠશે વરસ
પ્રગટાવ દીવો.

ભાવનગર જેવા મોટા રજવાડાના દીવાન અને સર્વસત્તાધિશ હોવા છતાં જેમના જીવન તથા વર્તનમાં ઉત્તમ વિચારોનું બાહુલ્ય જગતે જોયું તેવા સર પ્રભાશંકર પટ્ટણી (૧૮૬૨-૧૯૩૮)ની સ્મૃતિ પણ ચીનગારીની જેમ સ્મૃતિમાં ઝબકી જાય છે. સર પટ્ટણીની સ્મૃતિથી દિલમાં દીવો પ્રગટી ઊઠ્યો હોય તેવો ઉજળો ભાવ થાય છે. આજ રીતે ''સત્યકથાઓ'' લખીને જેઓએ કેટલાક જાજવલ્યમાન પાત્રોનો પરિચય સંપૂર્ણ તટસ્થતાના ભાવ અને અપ્રતિમ નિષ્ઠાથી કર્યો તેવા સર્જક શ્રી મુકુન્દરાય પારાશર્યની પણ સ્મૃતિ આ ક્ષણે થાય છે. પારાશર્યની સત્યકથા વાંચીને તીર્થયાત્રાનો ભાવ અંતરમાંથી આપમેળે પ્રગટ થાય છે. શોહરતની સહેજ પણ દરકાર કર્યા સિવાય સમુદ્ર તળિયે પડેલી છીપની જેમ મુકુન્દરાય પારાશર્ય રહ્યા પરંતુ છીપમાંથી મોતી મળ્યું તેનો લાભ જગતને થયો. આ સર્જકજ લખી શકે :

મરને તળિયે જીવીયેં
દુનિયા દેખે નૈં,
મકના એવી છીપ થા
કે મોતી પાકે મૈં.

પટ્ટણી સાહેબના જીવનનું ભાતીગળ દર્શન પણ આપણે પારાશર્યની કલમના સહારેજ યથાતથ કરી શકીએ છીએ. ફરી ફરી માણવો ગમે તેવો એક પ્રસંગ નોંધાયો છે.

યુવાન મહારાજા કૃષ્ણકુમારસિંહજી વીસેક વર્ષની વયે ગાદી પર આવ્યા. આ યુવા રાજવીને તેમના રાજયના ગામડા અને ગામલોકોનો પ્રત્યક્ષ પરિચય થાય તે હેતુથી બુઝર્ગ સર પટ્ટણી તેમને રાજયના દૂર સુદૂરના વિસ્તારનો પ્રવાસ કરાવતા હતા. ફરતા ફરતા તેઓ ભાવનગર રાજયના તુરખા ગામે આવ્યાં. તુરખા ગામ ભાવનગરના સુપ્રસિધ્ધ તથા હોનહાર અને ભૂતપૂર્વ દીવાન ગગા ઓઝાને રાજ્ય તરફથી તેમની ગૌરવપૂર્ણ સેવાની કદર તરીકે રાજવી તરફથી આપવામાં આવ્યું હતું. મજાનું ગોકુળિયું ગામ તથા ધનધાન્યથી લચી પડેલી વાડીઓને જોઈને યુવાન મહારાજાએ કહ્યું : ''વાહ ! ગામ કેવું સરસ છે.'' અનુભવી પ્રભાશંકરે થોડા શબ્દોમાં હળવો પ્રતિસાદ આપતાં કહ્યું : '' ગગા ઓઝાએ કરેલી રાજયની સેવા જેવી શોભે છે તેવું આ ગામ શોભે છે. '' તુરખા ગામ પસાર થયા પછી પટ્ટણી સાહેબે મહારાજા સાથેનો સંવાદ આગળ ચલાવ્યો. પટ્ટણી સાહેબે એક બનેલા પ્રસંગની વાત માંડી. તેમણે મહારાજાને કહ્યું : ''મહારાજ, કચ્છની એક કથા છે. ઘણી જૂની નથી. હાલના મહારાવ ખેંગારજીના પિતા રાજવી પ્રાગમલજીની વાત છે. મહારાવ પ્રાગમલજી અનેક સુકાર્યો કરીને કીર્તિ મેળવી ગયાં. પ્રાગમલજી ગાદીએ આવ્યા ત્યારે યુવાન હતા. તેમના વજીર રૂપસંગજી જૈફ ઉમ્મરના હતા. રાજવી તથા તેમના વજીર બન્ને આજે આપણે નીકળ્યા છીએ તેમ રાજયના વિસ્તારમાં ફરવા નીકળ્યા હતા. રસ્તામાં એક સુંદર વનરાઈવાળું અને રળિયામયણું ગામ જોઈને મહારાવે દીવાનજીને કહ્યું : '' આ ગામ ઘણું સારું છે ! આપણાં રાજયનું ગામ છે ? '' વજીરે કહ્યું : ''બાપુ, આ ગામ આપના વડવાઓએ ચારણોને આપેલું તે છે.'' થોડે આગળ ગયા પછી દીવાને ગાડી ઊભી રખાવી. નીચે ઉતરી દીવાનજીએ ગાડીના બન્ને પૈડા પોતાના ખેસથી લૂછ્યાં. ખેસમાં જે ધૂળ ભેગી થઈ તે ખંખેરી નાંખી પછી ગાંડીમાં બેઠા. મહારાવને આ જોઈને આશ્ચર્ય થયું હતું એટલે પૂછ્યું : ''વજીરજી, તમે આ શું કર્યું ?'' વજીરે જવાબ આપતાં કહ્યું : '' મહારાવ બાપુ આ ગામ આપના વડવાઓએ દેવીપુત્રોને બક્ષિસમાં આપેલું છે. બક્ષિસ આપેલી વસ્તુનો આપણાંથી અજાણતાયે ઉપયોગ ન થાય તેની સાવચેતી રાખવી જરૂરી છે. છે. આથી આ ચારણોના ગામની જમીનની ધૂળ પણ એમનીજ સીમમાં ખંખેરી નાંખી. અણહક્કની આવક કાળરૂપ છે. '' નાનું એવું પરંતુ સચોટ દ્રષ્ટાંત આપીને સર પટ્ટણીએ કેટલો ઉજળો વિચાર યુવાન રાજવીના દીલમાં રોપી દીધો ! દેશના વિશાળ યુવાધનને સુયોગ્ય વિચારબીજની જરૂર છે. ઉમદા તથા ઉત્તમ વિચારોને ઝીલવાની અને જીરવવાની યુવાધનમાં શક્તિ છેજ.

આપણાં સમાજમાં ઘણાં લાંબા સમય સુધી કુટુમ્બના સભ્યો અવકાશ મળે ત્યારે સાથે બેસતા અને વાતો કરતા. મોટાભાગે આવો સમય સાંજનું ભોજન પૂરું થયા પછી મળે. ઘરની, કુટુમ્બની વાતો ઉપરાંત સામાજિક, ધાર્મિક બાબતોની પણ ઘરના સભ્યો વચ્ચે ચર્ચા થતી, વડીલોના અનુભવનું ભાથું હતું તેના આધારે તેઓ કુટુમ્બના યુવાનોને માર્ગદર્શન મળે તેવી વાતો કરતા. આ ઘરસભા કે કુટુમ્બસભાનું એક ખાસ મહત્વ તેની ઉપયોગિતાને કારણે હતું. ટીવી આવ્યા બાદ અને દોડધામની જિંદગીને કારણે આવી ઘરસભાની પરંપરા તૂટવા લાગી છે. ઘરનાજ સભ્યો વચ્ચે સંવાદનો અભાવ હોય તેનાથી ઘણાં સામાજિક પ્રશ્નો ઊભાં થતાં જાય છે. ક્યારેક માનસિક સ્વસ્થતા પણ વ્યક્તિગત જીવનની તાણને કારણે વિક્ષૂબ્ધ થાય છે. અહીં મુકુન્દરાય પારાશર્યના કિસ્સામાં તેમણે જે વાતો તેમના મોટીબા પાસેથી સાંભળી તેજ વાતો કાળજીથી ટપકાવી લીધી. તેમ કરવા પાછળ તેમનો હેતુ પોતાનાજ જીવનનું યોગ્ય નિર્માણ કરવાનો હતો. મોટીબાએ તેમને કહેલી આ વાતોમાં સારમાણસાઈના ઘણાં નાના દીવડાઓનું દર્શન થાય છે. આ દીવડાઓ ભલે નાના હોય પરંતુ છે તો એ સદાયે જીવંત એવી પાવક જ્વાળાના સીધા વારસદાર. તેમણે ચરિત્રોની વાતો ટપકાવી. ત્યારબાદ ''કુમાર'' ના માધ્યમથી સમાજમાં પહોંચી. સર પટ્ટણીની સ્મૃતિ તેમજ સત્યકથાની વાતો કાળના સતત પરિવર્તન પામતા પ્રવાહમાં પણ ઝાંખી થાય તેવી નથી.

# 'વિચારયાત્રા' એ મારી નહીં પરંતુ સહુની યાત્રા છે કારણ કે સર્વેએ અનુભવ્યા છે, પણ એ વાચા આપી છે

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'



ગાંધીનગર સાહિત્યસભા વૃત્ત

ગાંધીનગર સાહિત્ય દ્વારા, મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધડકતું અને ધબકતું રાખી, મધમધતું અને મહેંકતું રાખવા; 'સર્જકની કેફિયત' કાર્યક્રમ અંતર્ગત; ગાંધીનગર સમાચારના યુવા સર્જક કૉલમીસ્ટ ડૉ. જય ઉમેશભાઈ ઓઝા કે જેઓની કોલમ 'વિચારયાત્રા' અન્વયે પાંચ પુસ્તકોનું તાજેતરમાં વિમોચન અને લોકાર્પણ થયું.

તેઓની સર્જનયાત્રા અને સાહિત્યિક વકતવ્યનો કાર્યક્રમ પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ'ના અધ્યસ્થાને તા.૮-૧-૨૦૧૭ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે; તો આ સાહિત્યિક મહેફિલને માણવા પધારવા, નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને ભાવભર્યું હાર્દિક જાહેર આમંત્રણ છે.

વૃતસંચય

● સદ્‌વિચાર પરિવારના આદ્યસ્થાપક અને આજીવન સેવક સ્વ. હરિભાઈ પંચાલની પુણ્યસ્મૃતિમાં તા. ૬ જાન્યુ, ૨૦૧૭થી ૧૦ જાન્યુ, ૨૦૧૭ દરમિયાન સાંજે ૬.૦૦ થી ૮.૦૦ વાગે 'મનનો જમણવાર' વ્યાખ્યાનમાળા અંતર્ગત 'સંતાનોની સુવાસ' અન્વયે સમર્થ સાહિત્યકારો, વિચારકો, પ્રખર વક્તાઓ દ્વારા આગવી શૈલીમાં યોજવામાં આવેલ પ્રવચન શ્રેણીમાં વક્તા શ્રી જયોતિબેન થાનકીના પ્રવચન પહેલાં : ૬ જાન્યુ, રઘુવીર ચૌધરી, ૭ જાન્યુ, વસંતભાઈ ગઢવી, ૮ જાન્યુ, પ્રવીણ ગઢવી, ૯ જાન્યુ. મહેબૂબભાઈ દેસાઈ, ૧૦મી જાન્યુ, કુમારપાળ દેસાઈ - વગેરેના સ્થળ - શારદાબેન હરિભાઈ પંચાલ સમર્પણ સેવા સંકુલ, રામદેવનગર, બસ સ્ટેન્ડ પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે વક્તવ્યો આપશે.

● અમદાવાદ વિમેન્સ એકશન ગ્રુપ (અવાજ) ના ઉપક્રમે ડૉ. ઈલા પાઠક સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં ડૉ. ઝરણાબેન પાઠક અને શ્રી મીનાક્ષીબહેન જોશી 'અશાંત કાશ્મીરમાં મહિલાઓનાં વીતક' વિષય પર તા. ૯ જાન્યુ. ૨૦૧૭ને સોમવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ દરમિયાન 'અવાજ કુંજ', ભુદરપુરા, આંબાવાડી અમદાવાદ-૧૫ ખાતે વકતવ્ય આપશે.

● કલાગુર્જરીના ઉપક્રમે કલાગુર્જરીના હોલ ખાતે પ્રમુખ અમૃત માલદે સંપાદિત અને પંચાવન એવોર્ડઝથી વિભૂષિત ડૉ. યશવંતભાઈ ત્રિવેદીના ૧૭૧માં અને ૧૭૨માં પુસ્તકો - નિબંધ સંગ્રહ 'અર્ધપારદર્શક પરબીડિયામાં' અને કાવ્યસંગ્રહ 'ઓવરડ્રાફ્ટ - સ્વર્ણિમ સ્વપ્નો'નો વિમોચન અને લોકાર્પણવિધિ ડૉ. મોહનભાઈ પટેલ અને 'જન્મભૂમિ' ના તંત્રી સીઈઓ કુંદનભાઈ વ્યાસના અતિથિ વિશેષપદે તેમના હસ્તે થયો. શ્રીમતી મેઘા ત્રિવેદીની કલાત્મક નવલકથા 'ભારતના સ્થપતિ સરદાર વલ્લભભાઈ પટેલ'નું લોકાર્પણ થયું - જે 'જન્મભૂમિ', ફૂલછાબ અને કચ્છમિત્ર માં પ્રગટ થયેલ એક ઐતિહાસિક ઘટના છે. ઈલાબહેન શાહ, ડૉ. અસ્મિતા યાજ્ઞિક, નેહા આચાર્ય, જયોતિ હિરાણી, ગોપાલ ત્રિવેદી, સુરેશ ઝવેરી, વિજયા માલદેએ ડૉ. યશવંત મહેતાનાં કાવ્યો, નિબંધો, નવલકથાના ગદ્યાંશોનું ભાવવાહી પઠન કર્યું હતું. અને શોભનાબહેન દેસાઈએ આભારદર્શન કર્યું હતું.

● સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યાભવન કલા કેન્દ્ર દ્વારા ભવન (ચોપાટી) ખાતે તા.૨૦મી નવેમ્બર 'દિનકર જોશીની દુનિયા' કાર્યક્રમ યોજાઈ ગયો. સાહિત્યિક ગુણવત્તા સાથે લોકપ્રિયતાનો સુભગ સમન્વય ધરાવતી ૧૫૨ જેટલી કૃતિઓના સમર્થ સર્જક દિનકર જોશીએ, એમની સર્જનયાત્રાની ઝાંખી કરાવી. એમની કેટલીક કૃતિઓના અંશોનું કમલેશ મોતા, ચિરા વોરા, જય કાપડિયા, ક્રિષ્ણા કાનાબાર, અમૃત બારોટ, પ્રિતમ દરને અને રિંકુ પટેલે અભિનયસહ પઠન કર્યું. આ પ્રસંગે દિનકર જોશીનાં ત્રણ નવાં પ્રકાશનો (૧) મહાભારત એક દર્શન (હિન્દી) એકવાર એવું બન્યું (ગુજરાતી) અને લોર્ડ ક્રિષ્ણા વર્સેસ મહાત્મા ગાંધી (અંગ્રેજી) નું કાર્યક્રમના આયોજકો ઉદયન ઠક્કર, કમલેશ મોતા તથા નિરંજન મહેતાના હસ્તે વિમોચન અને લોકાર્પણ કરાયું હતું.

● જન્મે અને કર્મે ગાંધીનગરા એવા યુવા સર્જક અને ગાંધીનગર સમાચારમાં એક દાયકાથી કોલમ વિચારયાત્રા લખતા ઓજસ્વી કોલમીસ્ટ ડૉ. જય ઓઝાનાં પાચ પુસ્તકોનું વિમોચન અને લોકાર્પણવિધિ, સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરુમા સમાનંદજીની પાવન ઉપસ્થિતિમાં અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને કવિ ભાગ્યેશ જહા તથા સાહિત્યકાર - પત્રકાર રોહિત શાહના મુખ્ય અતિથિપદે તા. ૩૧ ડિસે. ૨૦૧૬ના રોજ, સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ,સે-૧૭ ગાંધીનગર ખાતે યોજાઈ ગયો.

ગુર્જર ગ્રંથ દ્વારા પુસ્તકોનું સંપાદન અને પાંચ પુસ્તકોનું એકસાથે વિમોચન એ ડૉ જય ઓઝાની મહાનસિદ્ધિ છે. પૂ. ગુરુમા સમાનંદજીએ આશીર્વચન પાઠવી જણાવ્યું કે, ગાંધીનગર એ સંસ્કૃતિ અને સાહિત્યની નગરી હોઈ, તેમને વિશેષ ગમે છે. ગાંધીનગરને સુસંસ્કૃત અને સંસ્કારી નગરી બનાવવા ચિંતન કરનાર અને કલા - સાહિત્યને પ્રોત્સાહન આપી નવાગંતુકોને પ્લેટપોર્મ આપી, મથામણ કરનારના મંથનને શબ્દદેહ આપનાર ગાંધીનગર સમાચાર અને તેના તંત્રી કૃષ્ણકાન્ત જહાની સાધનાને બિરદાવી. જય ઓઝાએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે : 'વિચારયાત્રા' એ મારી નહીં પરંતુ સહુની યાત્રા છે કારણ કે સર્વેએ અનુભવ્યા છે, પણ એ વાચા આપી છે.

આ સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન તથા અંતમાં આભારવિધિ હિરેનભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

- muljibhaidadhi@gmail.com